# Appendix - IV

## - : શાબ્દિક સર્જનાત્મક પ્રવૃત્તિઓ : -


માર્ગદર્શક :–
શ્રીમતી ડૉ. એન. એ. શેલત
રીડર,
ફેકલ્ટી ઓફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજી,
મ. સ. યુનિવર્સિટી, વડોદરા.

સંશોધક :–
સતીશ પી. પાઠક
સિનીયર લેકચરર,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
વડોદરા.


---

નામ : ........................................................................ જાતિ :– પુરૂષ / સ્ત્રી

જન્મ તારીખ :–.......................... ઉંમર :–.........................વર્ષ

સંસ્થા :–....................................................................

કેટેગરી :– એસ.સી./ એસ.ટી./ બક્ષીપંચ/ લઘુમતી/ અન્ય.

શૈક્ષણિક લાયકાત :– (લાગુ પડતું હોય ત્યાં "✓" નું ચિન્હ કરો.)

| પ્રવાહ | સામાન્ય | વાણિજ્ય | વિજ્ઞાન | ઉ.બુનિયાદી | વ્યવસાયલક્ષી |
|---|---|---|---|---|---|
| મુખ્ય વિષયો | | | | | |

| | ધો. ૧૦ | ધો. ૧૨ |
|---|---|---|
| ટકાવારી | | |

ફૂરસદના સમયની રસ રૂચિની પ્રવૃત્તિઓ:– ..................................................................

..........................................................................................................

..........................................................................................................

## -: સામાન્ય સૂચના :-

આ પુસ્તિકામાં કેટલીક રસપ્રદ પ્રવૃત્તિઓ દર્શાવેલી છે, જેના કાર્ય માટે તમારે તમારી વૈચારિક શકિત અને કલ્પના શકિતનો ઉપયોગ કરવો પડશે. અહીં આપેલી પરિસ્થિતિના સંદર્ભમાં તમે કેટલું ઝડપથી, કાલ્પનિક રીતે અને નવિનતાપૂર્ણ વિચારી શકો છો, તે જોવાનો હેતુ છે. દરેક પ્રવૃત્તિ અંતર્ગત બાબતોને કાળજીપૂર્વક વાંચો, અને તેની નીચે આપેલી જગ્યામાં તમારા જવાબો સંક્ષિપ્તમાં અને સ્પષ્ટ રીતે માતૃભાષામાં ક્રમ નંબર સહિત લખો. આપેલી દરેક બાબતોને કોઈ ચોકકસ સાચો કે ખોટો જવાબ હોતો નથી, તેથી તમારી સર્વોત્તમ વિચાર શકિત અને કલ્પના શકિતના આધારે શકય તેટલા વધુ જવાબો તમે વિચારી શકો.

આ પુસ્તિકામાંના કાર્યો નું ત્રણ પ્રવૃત્તિઓમાં વિભાજન કરેલું છે. દરેક પ્રવૃત્તિને ચોકકસ સમય ફાળવેલો છે. આ સમય મર્યાદામાં તમારી ઝડપ પ્રમાણે દરેક પ્રવૃત્તિમાં આવતી બાબતો અંગે કાર્ય કરવાનું છે. જયારે તમે એક કાર્ય પૂર્ણ કરો ત્યારે બીજુ કાર્ય લો. જરૂરી લાગે તો અગાઉના કાર્યના જવાબોમાં કંઈ ઉમેરવા જેવું લાગે તો તેવું પણ કરી શકો. પરંતુ એક પ્રવૃત્તિનો નિયત સમયે પુરો થયા પહેલા અને સૂચના મળ્યા વિના બીજી નવી પ્રવૃત્તિ શરૂ કરી શકાશે નહિ, તેની કાળજી રાખવી.

અંતમાં તમને પાંચ મિનિટ વધારાની આપવામાં આવશે, તે દરમ્યાન તમે કોઈપણ પ્રવૃત્તિ પૈકીની કોઈપણ બાબતના જવાબમાં જરૂરી ઉમેરો કરવો હોય તો કરી શકશો. મહેરબાની કરીને કોઈપણ બાબતનો જવાબ આપવાનું બાકી રાખશો નહી.

---

**પ્રવૃત્તિ : ૧    અસામાન્ય (કાલ્પનિક) ઘટનાઓ    સમય : ૧૫ મિનિટ**

સૂચના :–

૧. આગળના પાન પર, તમને એવી કેટલીક પરિસ્થિતિઓ જણાવવામાં આવી છે, જે તમારી સમક્ષ સર્જાવાની કોઈ શકયતાઓ નથી. તેમ છતાં તમારે વિચારવાનું છે કે જો આવી કોઈ પરિસ્થિતિ તમારી સામે ખરેખર ઉભી થાય તો શું થાય ?

૨. તમારા મગજમાં ઉદ્દભવતાં શકય તેટલાં વિચારોને રજૂ કરો. પરંતુ શકય તેટલાં નવનિતમ વિચારો કે જે સર્વશ્રેષ્ઠ હોય અને અન્ય કોઈએ વિચાર્યા પણ ન હોય તેવા વિચારો રજૂ કરો. તમારા જવાબો ક્રમાનુસાર આપેલી જગ્યામાં લખો.

૩. આ પ્રવૃત્તિ માટે તમને ૧૫ મિનિટ આપવામાં આવી છે. દર ૫ મિનિટે આપને જાણ કરવામાં આવશે, જેથી તમે પ્રવૃત્તિમાંની આગળની બાબત વિશે કાર્ય કરી શકો.

નીચે આપેલા ઉદાહરણની મદદથી તમારે શું કરવાનું છે તે સમજવામાં સરળતા રહેશે.

**ઉદાહરણ : જો તમે ઈચ્છા અનુસાર અદશ્ય થઈ શકતા હોય તો,........**

વિચારો :–

૧. હું અદશ્ય થઈને સમાજના દુષણોનો નાશ કરું. .

૨. હું અદશ્ય થઈને સમાજના દુઃખી લોકોને મદદ કરું.

૩. હું અદશ્ય થઈને કારગીલ સરહદે દુશ્મનોના દાંત ખાટા કરું.

૪. હું અદશ્ય થઈને પશુ, પંખી, સૂક્ષ્મજીવોની દુનિયાને ખુબ નજીકથી નિહાળું.

૫. હું અદશ્ય પણે સારી શિક્ષણ સંસ્થાઓમાં ભણવાનો લાભ લઉ.

(૧) જો માનવી યુવાન જ રહે તો, .....

(૨) જો સૂર્યાસ્ત કદાપિ થાય જ નહિ તો, .........

(૩) જો કુદરતી પરિબળો ( ટાઢ, તાપ, પવન, વરસાદ, .... ) આપના નિયંત્રણમાં હોય તો,........

---

**પ્રવૃત્તિ : ૨ વસ્તુઓના નવિનતમ ઉપયોગો** સમય : ૧૨ મિનિટ

સૂચના :–

૧. આગળના પાન પર તમને ચોકકસ વસ્તુઓના નામ આપવામાં આવ્યા છે, જેનો ઘણી જુદી જુદી રીતે ઉપયોગ કરી શકાય.

૨. શકય હોય તેટલાં વધારે ઉપયોગ લખો પરંતુ એવા ઉપયોગો વિચારો જે નવિન હોય, એટલે કે અન્ય કોઈએ વિચાર્યો જ ના હોય તેવું તમને લાગતું હોય.

૩. આ પ્રવૃત્તિ માટે તમને ૧૨ મિનિટ આપવામાં આવી છે. દર ૪ મિનિટ બાદ તમને જાણ કરવામાં આવશે, જેથી તમે પ્રવૃત્તિમાંની આગળની બાબત વિશે કાર્ય કરી શકો.

નીચે આપેલા ઉદાહરણની મદદથી તમારે શું કરવાનું છે તે સમજવામાં સરળતા રહેશે.

**ઉદાહરણ :– લાકડી**

ઉપયોગો :–
(૧) ગીલી–ડંડાની રમત રમવા માટે
(૨) કૂમળા છોડને આધાર આપવા માટે
(૩) સ્વરક્ષણ માટેના હથિયાર તરીકે
(૪) મોટા વાસણમાં ગરમ ખાદ્ય પદાર્થને હલાવવા માટે
(૫) નગારું વગાડવા માટે

(૧) માટી :–

(૨) દોરી :–

(૩) નોટનું પૂઠું :-

---

**પ્રવૃત્તિ : ૩ સમાનતા** સમય : ૧૦ મિનિટ

સૂચના :-

૧. આગળના પાન પર શબ્દોની જોડીઓ આપવામાં આવી છે, જે ઘણી જુદી જુદી રીતે એક બીજા સાથે સંકળાયેલી અથવા સંબંધિત છે. તમારે વિચારવાનું છે કે તેઓ કેટલી જુદી જુદી તથા નવી રીતે સંબંધિત છે.

૨. શકય હોય તેટલાં વધારે સંબંધો લખો, પરંતુ નવિનતાપૂર્ણ અને અન્ય કોઈએ વિચાર્યાં જ ના હોય તેવા, તથા સમાનતાનો ગુણ ધરાવતા હોય તેવા વિચારો ક્રમાનુસાર લખો.

૩. આ પ્રવૃત્તિ માટે તમને ૧૦ મિનિટ આપવામાં આવી છે. દર ૫ મિનિટ બાદ તમને જાણ કરવામાં આવશે, જેથી તમે આગળના કાર્ય વિશે વિચારી શકો.

નીચે આપેલા ઉદાહરણની મદદથી તમારે શું કરવાનું છે તે સમજવામાં સરળતા રહેશે.

**ઉદાહરણ :- માનવ અને વૃક્ષ**

સંબંધ :- (૧) બંને ને જીવન છે.
(૨) બંને ને હવા, પાણી, ખોરાકની જરૂર છે.
(૩) બંનેમાં ઋતુ અનુસાર અનુકુલન જોવા મળે છે.
(૪) બંને પોતાના જેઓ જીવ ઉત્પન્ન કરી શકે છે.
(૫) બંને અન્ય જીવો માટે ઉપકારક જીવન જીવે છે.

(૧) નેતા અને અભિનેતા :–

(૨) કલમ ( પેન ) અને તલવાર :–